| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૬/૦૫/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૪૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૪૬/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** કનકકુમાર વિનોદભાઇ પટેલ (ઉ.વ.૪૦) (રહે. ગામ.નરસિંહપુરા તા.ઇડર જી.સાબરકાંઠા) એ તા.૨૫/૦૫/૨૦૨૩ આ રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૯/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કનકકુમાર પટેલે સોલા કારગીલ ચાર રસ્તા ગણેશ મેરેડીયન ઓફીસ નંબર.સી/૮૦૮ ખાતેથી એમ.જે.ટ્રેડર્સના માલીક શેરૂમુગાસ્વામી મુરગેશન તથા પલરાજ જગદીશન (બન્ને રહે. ૧૫૬-૨-એ જીવારાથંબલ સ્ટ્રીટ, જુના પોલીસ સ્ટેશનની પાસે, પ્રશક્તિનગર મુખ્ય રોડ, થીરૂવેકડુ ચેન્નઇ તામીલનાડુ) પાસેથી કનકકુમાર પટેલે ૭૫૦ ટન ચોખા ખરીદ કરતા કનકકુમાર પટેલ પાસેથી રૂપિયા ૪,૧૯,૦૦,૦૦૦/- મેળવી લઇ ચોખાની ડીલીવરી નહી કરતા ઉઘરાણી કરતા આપેલ પૈસા પૈકી રૂપિયા ૬૫,૦૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૩,૫૪,૦૦,૦૦૦/- પરત નહી આપી તેમજ ચોખાની ડીલીવરી નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૭/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટ**: મિતેષકુમાર સ/ઓ પ્રવિણચંદ્ર ત્રિવેદી (રહે. રવિ ટેનામેન્ટ પ્રમુખ બંગલોઝની બાજુમાં, ન્યુ રાણીપ) એ તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૩ થી તા.૦૭/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ઓગણજ ઘાટલોડીયા સર્વે નંબર-૧૩૦૨ ખાતે RMU (રીંગ મેઇન યુનીટ) પેનલ અનુક્રમ નં- LQR 3006845263 -0008500/001 TYPE RRRR નું પતરૂં તોડી અજાણી વ્યક્તિ RMU (રીંગ મેઇન યુનીટ) પેનલમાંથી સીટી કોઇલ નંગ-૨, ઓકિઝ્લરી ટ્રાન્સફોર્મર નંગ-૧, એસ.એમ.પી.એસ. નંગ-૧ તથા ૨૦ મીટર કેબલ મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**સાબરમતી**: મનિષ સ/ઓ રમેશભાઈ ઠક્કર (ઉ.વ.૩૭) (રહે. સેફરોની એપાર્ટમેન્ટ ટેલીફોન એક્સચેઝ રોડ બોપલ) એ તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૩ રાતના ૯/૧૫ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સાબરમતી ઝુંડાલ થી વૈષ્ણોદેવી રીંગ રોડ મુચ્છળ બાપુ કુટ કોર્ટની સામે પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી ત્રણ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં સોનાના દાગીના, રોકડ રૂપિયા અને ચીજવસ્તુઓ મળી કુલ રૂપિયા ૭૩,૬૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૪૮/૨૦૨૩**

**મણીનગર**: દક્ષાબહેન દિપકકુમાર ઠાકર (ઉ.વ.૬૨) (રહે.સાંધાણી વ્રજભુમી વટવા ગામડી રોડ વટવા) તા.૨૫/૦૫/૨૦૨૩ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે મણીનગર જયહીંદ ચાર રસ્તા એજ્યુનોવા સ્કુલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દક્ષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૭૨,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દક્ષાબહેન ઠાકરએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

**કૃષ્ણનગર**: વિમલાબહેન વા/ઓ અરવિંદસિંહ સેંગર (ઉ.વ.૫૨) (રહે. ગિરીરાજ રો-હાઉસ કલ્યાણ ચોક ઠક્કરનગર) તા.૨૫/૦૫/૨૦૨૩ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક જ્યુપિટર સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ વિમલાબહેન સેંગરના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૩૨,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિમલાબહેન સેંગરે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૪૯/૨૦૨૩**

**શહેરકોટડાઃ** હરીઓમ ધનીરામ ગૌડ (ઉ.વ.૨૨) (રહે. ડૉ.ભાટીની ચાલી, રાજસ્થાન વિડીયો, પ્રેમનગર મેમ્કો) તા.૨૪/૦૫/૨૦૨૩ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે રાજસ્થાન વિડીયો પાસે ડો.ભાટીની ચાલીની સામે રેલવે ટ્રેક ઉપર ટ્રેઈનની અડફેટે આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૫૦/૨૦૨૩**

**વટવા જી.આઈ.ડી.સીઃ** જીઆઈડીસી વટવા ચીકુડી ચાર રસ્તા કુબેર પોલીમર્સ બેન્ક ઓફ ઈંડીયા પાસે ફેજ-૦૧ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા સુરજ કિશનલાલ રાવત (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ ઝાલીમ ખેડા માખી જી-ઉન્નાવ ઉત્તપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા ફેજ-૦૧ પ્લોટ નં-૯૧/૧૯ ખાતે છતની એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** ભુપેન્દ્રભાઇ ગોવિંદભાઇ સોલંકી (ઉ.વ.૪૪) (રહે. રત્નદિપ સોસાયટી દેવાસ ફ્લેટ સામે મલાવ તળાવ રોડ જીવરાજપાર્ક વાસણા) એ માનસીક તણાવમાં આવી તા.૨૫/૦૫/૨૦૨૩ કલાક ૧/૦૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી